# ડેન્ગ્યું: લક્ષણો, કારણો અને સારવાર




દેશભરના શહેરોમાં વધતા જતા ડેન્ગ્યુના કેસ ચિંતા નો વિષય બની રહ્યો છે. અને હવે તેનાથી પોતાની જાતને સુરક્ષિત રાખવા માટે જાગૃતતા લાવવી જરૂરી છે. અહી પણ અને હમેશની માફક ઉપચાર કરતા સાવધાની વધારે સારી અને જરૂરી છે.

- **ડેન્ગ્યું શું છે?**

ડેન્ગ્યું એક મચ્છરજન્ય રોગ છે. ડેન્ગ્યું નો ચેપ માણસ થી માણસને સીધો જ નથી લાગતો એટલે કે એ ચેપી નથી. માણસને ડેન્ગ્યું ત્યારે જ થાય છે જયારે તેને ડેન્ગ્યુના વાયરસ ની અસરવાળું મચ્છર કરડે. અને આવા મચ્છરોનો ઉપદ્રવ દિવસ અને રાત્રે એમ બંને હોય છે આથી વધારે સાવધાની રાખવી પડે છે.

- **લક્ષણો:**

ડેન્ગ્યું ના શરૂઆતના લક્ષણો માં ઠંડી લાગવી, માથાનો દુખાવો, આખો ફેરવવાથી દુખાવો થાય, અને પીઠનો દુખાવો વગેરે થાય છે. સતત અને અતિશય તાવ એ ડેન્ગ્યુની નિશાની છે. બીજા લક્ષણોમાં અતિશય થાક, પીઠનો દુખાવો , સાંધાનો દુખાવો , ચક્કર આવવા , ઉલટી, લો બ્લડ પ્રેશર, ફોલ્લીઓ વગેરે જોવા મળે છે.

- **સારવાર:**

ડેન્ગ્યું એ વાયરસ થી થતો રોગ હોવાથી તેની કોઈ ચોક્કસ સારવાર નથી. આથી ડેન્ગ્યુની સારવારમાં સામાન્યરીતે તેના લક્ષણો માટે ની સારવાર કરવામાં આવે છે. એટલે કે ઉપર બતાવેલ લક્ષણો માં રાહત માટે ની સારવાર કરવામાં આવે છે. ઉપર બતાવેલા લક્ષણો જે માણસને જણાય તો તેને સીધાજ કોઈ ડોકટરને બતાવવું જોઈએ. વધારે પ્રમાણમાં પ્રવાહી પીવું જોઈએ અને શક્ય તેટલો આરામ કરવો જોઈએ.

- **Dengue hemorrhagic fever (DHF)**

DHF એ ડેન્ગ્યું કરતા પણ ગંભીર છે અને જો સમયસર સારવાર ન થાય તો જીવલેણ સાબિત થઇ શકે છે. એ સામાન્ય રીતે ૧૦ વર્ષ કરતા ઓછી ઉંમરના બાળકોમાં વધારે થાય છે. અને આમાં પેટનું દુખાવો , (hemorrhage) એટલે કે બ્લીડીંગ એટલે કે રક્તસ્ત્રાવ , અને શ્ધીરાભીષણમાં તકલીફ થાય છે.

- **સાવધાની:**

ડેન્ગ્યું માટેની કોઈ રસી નથી. ડેન્ગ્યું માટેની સાવધાની એ જ છે કે આવા વાયરસ ફેલાવતા મચ્છરોનો નાશ કરવો. આરોગ્યશાસ્ત્ર મુજબ અને સ્વચ્છતા એ જ સાવધાની છે. ગંદકી વાળા એરિયા થી દુર રહો. પ્રવાહી ધરાવતા દરેક પ્રકારના વાસણો જેવાકે પાણીના ડ્રમ , ફૂલ કે છોડના ક્યારા કે પ્રાણીઓ માટેના પાણીના વાસણો કે કુંડ વગેરે ને ઢાંકી રાખવા જોઈએ. જો તમારા એરિયા માં મચ્છરોનો ઉપદ્રવ વધારે હોય તો આખી બાયના કપડા પહેરો, લીમડાનો ધુમાડો કરો અને મચ્છરો થી તમામ પ્રકારની સુરક્ષા થાય તેવા તમામ પગલા લેવા જોઈએ.